પૂજ્ય
શશીપ્રભુ
જન્મજયંતી
વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

November - 2025

સ્વાનુભૂતિપ્રકાશ

પ્રકાશક :
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

ભક્તિપ્રધાન જ્ઞાનદશાના ધારક



સર્વ જ્ઞાનીપુરુષોના વચનોનું સમન્વય કરી તેમના જ્ઞાનીપણાને સમજાવનાર,
વર્તમાન સમાજને અતિ ઉપકારી એવા સ્વાનુભવવિભૂષિત
પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને
તેમના ૯૩માં જન્મજયંતી (માગશર સુદ આઠમ) પ્રસંગે
તેમની ઉપકારસ્મૃતિરૂપે સ્વાનુભૂતિપ્રકાશ પરિવારના
ભક્તિપૂર્ણ શત-શત વંદન

સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૩૫, વર્ષ–૨૭, નવેમ્બર–૨૦૨૫

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'પરમાગમસાર' માંથી ચુંટેલા કહાનરત્ન કિરણો



પ્રશ્ન :- સમ્યગ્દર્શનનું માહાત્મ્ય ઘણું ઘણું કરવામાં આવે છે તેનું શું કારણ?

ઉત્તર :- સમ્યગ્દર્શનમાં પૂર્ણ પરમાત્મા પ્રતીતિમાં આવી ગયા છે. એના માહાત્મ્યનું શું કહેવું! પૂર્ણ પ્રભુ પ્રતીતિમાં આવી ગયા છે પછી બાકી શું રહ્યું? ૧૮૯.

*

સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયાર બંધ પોલીસ પોતાને મારવા ફરતો હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી એને સુખેથી ઊંઘ ન આવે. ૧૯૦.

*

બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે. ૧૯૧.

*

સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. (એ જ પુરુષાર્થનું સ્વરૂપ છે.) ૧૯૨.

*

આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ કયાં ઉછળે છે? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા. પણ ખરેખર માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૧૯૩.

*

આત્મ–અનુભવ સિવાય બધાં મીંડા છે. લાખ

કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૧૯૪.

*

થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. ૧૯૫

*

ક્રોધમાં રંગાયેલો કહે કે અમે ક્રોધના જ્ઞાતા છીએ તો એમ નથી એ તો ક્રોધથી રંગાયેલો છે. જ્ઞાતા નથી. જ્ઞાનથી જે રંગાયેલો છે. એ જ ક્રોધના પરિણામનો જ્ઞાતા છે. ૧૯૬.

*

ભાઈ! તું વિશ્વાસ લાવ કે મારા આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભુલાઈ જાય એવી વસ્તુ હું છું. ૧૯૭.

*

પાત્ર થવું કઠણ છે વાતુ કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી આ તો બાપુ સમજવું બહુ દુષ્કર છે, કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૧૯૮.

*

અહો! જેના આનંદની એક ક્ષણની લહેજતમાં–લહેરકીમાં ત્રણલોકના સુખ વિષ જેવા લાગે, ઝેર જેવા લાગે, તરણા જેવા તુચ્છ લાગે એવો ભગવાન આત્મા છે. ૧૯૯.

*

અમારો ચૈતન્ય ઉપયોગ હણાતો જ નથી. હણાય તેને ઉપયોગ જ કહેતાં નથી. પણ પ્રભુ! કેવળજ્ઞાન નથી ને! કેવળજ્ઞાનનું કામેય શું છે? કેવળજ્ઞાનની ખાણ હાથમાં આવી છે તેને કેવળજ્ઞાન આવશે જ. ૨૦૦.

*

પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા ! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતિમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું – એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૨૦૧.

*

ભગવાન આત્મા જ્ઞાનની લહેરે ઊછળતો, પરના કામ અને રાગના કામ મારા (જ્ઞાતાદષ્ટાના) નહીં. એમ દષ્ટિ કરતાં કેવળજ્ઞાનને કાંઠે આવીને ઊભો છે. ૨૦૨.

*

રાગ હોવા છતાં સાધકનાં હૃદયમાં સિદ્ધ ભગવાન કોતરાયેલા છે. ૨૦૩.

*

કર્મનો ઉદય ભવિષ્યમાં કેવો આવશે એમ નહીં જો! પણ હું ભવિષ્યમાં એવો આવીશ (–થઈશ) કે પુરૂષાર્થ લાગુ પડી ગયો તો ક્ષણમાં કેવળજ્ઞાન લાવીશ. ૨૦૪.

*

કાગળ ઉપરના (ચિતરેલા) દીવા ખડને બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રના જ્ઞાને સંસાર બળે નહીં. ૨૦૫.

*

જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગૃહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયાં છે. ૨૦૬.

*

વસ્તુ શરીરને અડ્યું નથી. શરીર કર્મને અડ્યું નથી. કર્મ વિકારને અડેલ નથી. વિકાર નિર્મળ પર્યાયને અડેલ નથી. નિર્મળ પર્યાય દ્રવ્યને અડેલ નથી. આહાહા! વસ્તુસ્વભાવ સૂક્ષ્મ છે એક પ્રદેશનો બીજા પ્રદેશમાં અભાવ છે. એક ગુણમાં બીજા ગુણનો અભાવ. એક પર્યાયનો બીજા પર્યાયમાં અભાવ છે. વિભાવ વ્યંજન પર્યાયનો સ્વભાવ વ્યંજન પર્યાયમાં અભાવ છે. આ વસ્તુસ્વભાવ સર્વજ્ઞે જેવો જોયો તેવો કહ્યો છે. ૨૦૭.

*

રાગ સ્વભાવને સ્પર્શ્યો નથી એ વાત બેઠા વિના નિમિત્ત ઉપાદાનને સ્પર્શતું નથી એ વાત નહીં બેસે. ૨૦૮.

*

જેણે પોતાના પર્યાયઅંશની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરી એ બીજા દ્રવ્યને પણ એ જ રીતે જોવે છે, એટલે કે અન્ય પદાર્થોને પણ તેની પર્યાયથી જોતાં નથી, તેને પણ દ્રવ્યથી જ વસ્તુપણે જ અખંડ દેખે છે. ૨૦૯.

*

પહેલાં આ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, રુચિમાં અને લક્ષમાં આવવું જોઈએ. તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફૂરણા ચાલ્યા કરે, આ સમ્યક્ પહેલાંની વાત છે આ જ સમ્યગ્દર્શનનો ઉપાય છે બીજો કોઈ ઉપાય જ નથી. ૨૧૦.

*

કેવળજ્ઞાનનો કેવો આનંદ છે અને કેવું સ્વરૂપ છે એનો ખ્યાલ ભાવશ્રુતજ્ઞાનમાં આવી ગયો છે. ૨૧૧.

*

દ્રષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું, પછી એને સંભારવું છે ક્યાં? એ તો રૂચિનું પરિણમન થયું તે થયું તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છું એમ સંભારવું પડતું નથી અને શુભાશુભમાં હોય કે આત્માના અનુભવમાં હોય તો પણ સમ્યક્નું પરિણમન તો જે છે તે જ છે. ૨૧૨.

*

વિકારની તુચ્છતા ભાસે તો વીર્ય ત્યાંથી ખસે, અને સ્વભાવની મહિમા ભાસે તો વીર્ય ત્યાં ઢળે. ૨૧૩.

*

અભિપ્રાય એ તો જીવનું જીવન થઈ જાય છે, ઘર થઈ જાય છે. અભિપ્રાય બદલવો એ એને જીવન બદલવા જેવું લાગે છે. ૨૧૪.

*

જૈન એટલે અંતરમાં સમાય તે જૈન છે. બહારના જેટલા ઉભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે. ૨૧૫.

*

જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં,

કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૧૬.

*

સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે વીતરાગ કહે છે કે તું મારી સામું ન જો. આમ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે? ૨૧૭.

*

પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે, કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે, એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજ્રનો સ્થંભ તો નાખે, ... એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૨૧૮.

*

જિતના સામર્થ્ય દ્રવ્યમેં પડા હૈ, ઉતના સામર્થ્ય દ્રષ્ટિમેં ન આવે તબ તક નિર્વિકલ્પ દષ્ટિ નહીં હોતી. ૨૧૯.

*

જે બહારની સગવડતા એને સગવડતા માને છે, બહારની અગવડતા એને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાનને (આત્માને) શરીર સ્વરૂપ જ માને છે. ૨૨૦.

*

ધર્મીનું ચિત્ત આત્મા સિવાય બીજે ક્યાંય ચોંટતું નથી. સંસારમાં બધે ઉપર ઉપરથી નજર કરે છે, પણ ચિત્ત ક્યાંય ચોંટતું નથી. માખીને સાકરના સ્વાદમાં ચિત્ત ચોંટ્યું છે તેથી પાંખને ભીંસ આવે પણ ત્યાંથી ખસતી નથી, તેમ ધર્મીનું ચિત્ત આત્મામાં ચોંટ્યું છે. પ્રતિકૂળતા આવે, બહારની ભીંસ આવે પણ આત્મામાંથી ચિત્ત ખસતું નથી. દુનિયાને ભલે ધર્મી ગાંડા જેવો લાગે, પાગલ લાગે. ૨૨૧.

*

સર્વજ્ઞ–સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે. ૨૨૨.

*

પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞને સોંપાય? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય. તેમ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. એવું ભાન થયું એને પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૨૨૩.

*

સમકિતીની આખી દુનિયામાંથી રૂચિ ઉડી ગઈ છે. એક આત્મામાં જ રૂચિ છે, એક આત્માને જ ઠરવાનું ઠામ જાણે છે. ફરી ફરીને એક આત્મા તરફ જ તેની પરિણતિ આવે છે. ૨૨૪.

*

પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે એને પામવાનું સાધન તો એની અંદરમાં પડ્યું છે, ઈ કાંઈ પાંગળો નથી. ૨૨૫.

*

ભગવાન આત્મામાં એકાકાર થવું, વીંટાઈ જવું એનું નામ વ્રત છે. ૨૨૬.

*

આત્મા આનંદસ્વરૂપ છે. એના ભાન વિના વ્રત, જપ ને તપ ઈ બધું ''વર વિનાની જાન'' જેવું છે. ૨૨૭.

*

ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ !!!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

ગ્રંથ ગ્રંથોમાં શ્રીગુરુનું અતીવ મહત્વ ગાયું છે, તે યથાર્થ જ છે. કારણકે તે ભવરોગથી બચાવે છે. અનંત કરુણા કરીને બચાવે છે. તેથી સર્વદોષ રહિત શ્રીગુરુ જેવા આ જગતમાં કોઈ ઉપકારી નથી. તેવું સમજનારની પ્રતીતિ સંપૂર્ણ આજ્ઞાકિતપણું ઉત્પન્ન કરાવે છે. જેમ શરીર રોગથી – રોગની વેદનાથી છૂટવા મથતો રોગી વૈદ્યની સુચનાઓનું જરાપણ ઉલ્લંઘન કરતો નથી, તો જ ભયંકર રોગ / વેદના મટશે, તેવી પ્રતીતિ દ્વારા પરેજ પાળવી સહજ છે. તેમ અનંત પરિભ્રમણના દુઃખની વાસ્તવિકતા સમજાય તો સ્વપ્નમાં પણ ગુરુ–આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય, પરંતુ મુક્તિનું કારણ જાણી ભક્તિ થાય, તો સ્વચ્છંદથી સહજ બચી જવાય, નહિ તો જીવનો સ્વચ્છંદ રોકાય નહિ તેમ જાણવા યોગ્ય છે. (અનુભવ સંજીવની–૭૧૯)

'ગ્રંથ ગ્રંથોમાં શ્રીગુરુનું અતીવ મહત્વ ગાયું છે,.. ' શાસ્ત્રોમાં, અનેક ગ્રંથોમાં ગુરુનું મહત્ત્વ ગાયું છે. ભગવાનની વાણીમાં પણ બહુ આવ્યું છે. એમાંથી આખા પંથ ચાલે છે – આ બધા – નાનક પંથ ને સહજાનંદસ્વામીનો પંથ, પછી આ સિન્ધીલોકોમાં ઘણાં ગુરુ થઈ ગયા. શીખ લોકોમાં પણ, રાધાસ્વામીમાં પણ શીખ જ છે વધારે, પણ એ બધું તીર્થંકરની વાણીમાં બહુ મહત્ત્વ આવ્યું તો આખો એનો એક પંથ જ થઈ ગયો. એટલું બધું મહત્ત્વ ગાયું છે કે એનો આખો પંથ ચાલુ થઈ ગયો, જુદો આખો. *'તે યથાર્થ જ છે. '* મહત્ત્વ ગાયું છે તે યથાર્થ જ છે. *'કારણકે તે ભવરોગથી બચાવે છે. '* જે અનાદિનો ભવરોગ લાગુ પડ્યો છે અને ભવ ઉપર ભવ, ભવ ઉપર ભવ, ભવભ્રમણ કર્યા જ કરે છે. તે રોગથી તેઓ બચાવે છે. 'અનંત કરુણા કરીને બચાવે છે.' એમની કરુણા પણ અનંત છે. *'તેથી સર્વદોષ રહિત શ્રીગુરુ જેવા આ જગતમાં કોઈ ઉપકારી નથી. '*

જેને ગુરુનો ઉપકાર સમજાય છે એને આવો સમજાય છે, કે આના જેવા કોઈ ઉપકારી નથી! સોગાનીજીએ લીધું કે નહિ અનંત તીર્થંકરસે ભી ગુરુદેવ મેરે લિયે તો અધિક હૈં, એના જેવા કોઈ ઉપકારી નથી.

મુમુક્ષુ :– તે પણ પાછા સર્વ દોષ રહિત!!

પૂજ્ય ભાઈશ્રી :– *'સર્વદોષ રહિત શ્રીગુરુ જેવા આ જગતમાં કોઈ ઉપકારી નથી. '* એનું કારણ છે – અહીં સર્વદોષ રહિત કેમ કીધું છે ખબર છે? કારણકે હજી તો છદ્મસ્થ છે એ ખબર નથી? પણ એને એ કોઈ દોષ દેખાતો જ નથી.

બહેનશ્રી ગુરુદેવશ્રી માટે શું કહેતા ખબર છે? ગુરુદેવ તો ગુણ ભંડાર છે!! શું કહેતા? ગુરુદેવ તો

ગુણ ભંડાર છે!! હવે ગુણનો એકલો ભંડાર જ દેખાય ત્યાં દોષ ક્યાંથી દેખાય એને! દષ્ટિ ફરી જાય છે. આખી દષ્ટિ જ ફરી જાય છે.

મુમુક્ષુ :– દોષ હોય છે ખરો?

પૂજ્ય ભાઈશ્રી :– હોય કે ન હોય એ પછીની વાત છે. દેખાતા નથી એ વાત સાચી છે!

મુમુક્ષુ :– હોય કે ન હોય મુમુક્ષુ એ બાજુ જવા જ માંગતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ગુરુની કોઈ વકિલાત કરવાની જરૂર પડશે તો બોલાવશું!!

'સર્વદોષ રહિત શ્રીગુરુ જેવા આ જગતમાં કોઈ ઉપકારી નથી. તેવું સમજનારની પ્રતીતિ..' સમજણથી એવી પ્રતીતિ જ એને થઈ જાય છે. *'સંપૂર્ણ આજ્ઞાકિતપણું ઉત્પન્ન કરાવે છે.'* ક્યાં રીઝલ્ટ આવ્યું? આજ્ઞાકારીતામાં! ૧૪૭મો પત્ર લઈ લેવો. આજ્ઞાકારિતા છે એ સુલભ નથી, પણ છતાં સુલભ પણ છે. સુલભ નથી છતાં સુલભ પણ છે.

દષ્ટાંત લીધો છે, *'જેમ શરીર રોગથી – રોગની વેદનાથી છૂટવા મથતો રોગી...'* એવી શરીરની વેદના ઊપડી હોય,એવો રોગી હોય કે વેદના.. વેદના.. વેદના.. કેવી?! કાળી વેદના! એક માજી હતા સોનગઢમાં, સોગાનીજી ને અમે બન્ને ગયા હતા, લઈ ગયા હતા અમને કે હાલો જરા એમને શાતા રહે તમારી વાતોથી. એમકે શાતા રહેશે. સોગાનીજીએ ખાલી એમ પૂછ્યું કે તમને કેવી વેદના થાય છે? પહેલા તો કહે ક્યાં વેદના થાય છે? તો કહે, માથામાં વેદના થાય છે. કેવી વેદના થાય છે? તો કહે, અંદરમાં હજારો વીંછી કરડતા હોય એવી વેદના થાય છે. કેવી? વીંછી અંદર કરડતા હોય અને એકસાથે હજારો વીંછી ભર્યા હોય અને એ બધા કરડતા હોય અને મારું માથું ખાતા હોય એવી વેદના થાય છે. એટલે હું નરકમાં હોઉંને, નરકની વેદના મનુષ્યગતિમાં ભોગવું છું!! એમ કહેતા હતા. ઠીક! એને એ રોગમાંથી–વેદનામાંથી છોડાવે એ કેવો દેખાય કહો જોઈએ! (પણ) સોગાનીજી કાંઈ બોલ્યા નહિ. આમ તો બોલે ઓછું, ઓછું બોલવાની પ્રકૃતિવાળા. પછી આ લોકો તો બોલાવેને જરા કે, આપ ક્યોં કુછ બોલતે નહીં? તોપણ થોડીવાર મૌન રહ્યા. (ફરી પૂછ્યું) કિ, આપકો ક્યા વિચાર આતા હૈ? આ સાંભળીને તમને શું વિચાર આવ્યો? તો કહ્યું, કે જો મને એવી વેદના થાયને તો મારો પુરુષાર્થ ફાટંફાટ ચાલે!! પુરુષાર્થ ફાટે!! શરીરથી ભિન્નતાનો પુરુષાર્થ છે.

મુમુક્ષુ :– ગુરુદેવશ્રી કહેતાને કે ગજસુકુમારની ઘડી અમને હજો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ગજસુકુમારની જે ઘડી છે (અમને હજો.)

મુમુક્ષુ :– ભાઈશ્રી! આપે કાંઈ કીધું હતું?

પૂજ્ય ભાઈશ્રી :– ના, હું કાંઈ ન્હોતો બોલ્યો. યાદ નથી કાંઈ આવતું કાંઈ બોલ્યો હોય એવું.

'જેમ શરીર રોગથી – રોગની વેદનાથી છૂટવા મથતો રોગી વૈદ્યની સુચનાઓનું જરાપણ ઉલ્લંઘન કરતો નથી,..'.. કે ભાઈ! તમે જેમ કહો તેમ બાપુ! પણ મને છોડાવો અહીંથી. શું કહે? કે તમે જેમ કહો તેમ પણ મને અહીંથી છોડાવો, પગ પકડી લ્યે કે, મને છોડાવો! છોડાવો! આ વેદનાથી.

મુમુક્ષુ :- ભાઈશ્રી! તમે કાંઈ બોલ્યા ન્હોતા પણ વિચાર શું આવ્યો હતો?

પૂજ્ય ભાઈશ્રી :- એ અત્યારે યાદ નથી, પણ આમ અનુમોદના થઈ હતી એમના ભાવની, એટલો ખ્યાલ છે. સોગાનીજીના ભાવોની અનુમોદના થઈ હતી.

'રોગી વૈદ્યની સુચનાઓનું જરાપણ ઉલ્લંઘન કરતો નથી, તો જ ભયંકર રોગ / વેદના મટશે, તેવી પ્રતીતિ દ્વારા પરેજ પાળવી સહજ છે.' એની ખાતરી હોય કે જો હું આ કહેશે એ પ્રમાણે હું કરીશ તો નક્કી મારી વેદના મટવાની છે, તો એને પરેજ પાળવી કઠણ ન લાગે, સહજ લાગે. કેમકે ક્યાં વેદના અને ક્યાં પરેજ! પરેજ કાંઈ નથી વેદના આગળ તો. *'પરેજ પાળવી સહજ છે. તેમ અનંત પરિભ્રમણના દુઃખની વાસ્તવિકતા સમજાય તો સ્વપનમાં પણ ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય,..'* શું? અનંત પરિભ્રમણના દુઃખો સમજાય તો એને સ્વપને પણ ગુરુ-આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય.

'પરંતુ ગુરુઆજ્ઞાને મુક્તિનું કારણ જાણી ભક્તિ થાય,...' ઉલ્લંઘન તો ન થાય પણ એ આજ્ઞાની ભક્તિ થાય. એને આજ્ઞારુચિ કીધી છે. અને *'તો સ્વચ્છંદથી સહજ બચી જવાય,..'* એને સ્વચ્છંદ થવાનો તો પછી અવકાશ છે જ નહિ. *'નહિ તો જીવનો સ્વચ્છંદ રોકાય નહિ..'* સ્વચ્છંદ અનાદિનો એવો મોટો દોષ છે કે જાણ્યે-અજાણ્યે પણ થઈ જાય, રોકાય નહિ - તેમ સમજવા યોગ્ય છે.

આ તો એક પડખું લીધું છે, બાકી ગુરુના વિષયમાં તો ઘણું-ઘણું ભર્યું છે. આ તો એક વાત એક સાઈડથી લીધી છે.

(શ્રી 'અનુભવ સંજીવની' બોલ નં - ૭૧૯ પર પ્રવચન)

કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૯૩મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની આગામી ૯૩મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૨૪-૧૧-૨૦૨૫ થી માગશર સુદ-૮, તા. ૨૮-૧૧-૨૦૨૫ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૨૭-૧૧-૨૦૨૫ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્કઃ શ્રી રાજેન્દ્રભાઈ જૈન, મો. ૯૮૨૫૧૫૫૦૬૬

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

મુમુક્ષુઓના હૃદયમાં દેવ–ગુરુ–શાસ્ત્ર–સત્પુરુષો પ્રત્યે ભક્તિ જગાડનાર એવા

સૌમ્યમૂર્તિ પરમ પૂજ્ય ભાઈશ્રીની ભક્તિપ્રધાન શૈલીની કેટલીક ઝાંખી

*** શાસનનાયક ભગવાન મહાવીર પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**

ભગવાન મહાવીરસ્વામીનું શાસન અત્યારે વર્તે છે એ શાસનમાં અત્યારે આપણે વર્તમાનમાં એમનાથી પ્રરૂપિત ઉપદેશની પરંપરાનો લાભ લેતા હોવાથી આપણા ઉપર પણ એમનો ઉપકાર વર્તે છે. ભલે તેઓ પ્રત્યક્ષ નથી, અત્યારે તો સિદ્ધાલયમાં બિરાજમાન છે તોપણ તેમની દેશના આચાર્યોની પરંપરા મારફત જે ચાલી રહી છે (અને) ગુરુદેવ પર્યંત આપણને મળી તેથી ભગવાનનો આપણા ઉપર ઉપકાર છે.....તેમણે જે માર્ગ નિરૂપ્યો અને જે આત્મસ્વરૂપને એમણે બતાવ્યું અને એમણે જે શુદ્ધતા પ્રસિદ્ધ કરી એ સર્વ મંગળ છે, મહિમા કરવા યોગ્ય છે.



*

*** કુંદકુંદઆચાર્યદેવ પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**

સમયસાર જેવી રચના જે કુંદકુંદઆચાર્યે કરી એ રચના ઉપરથી એમની મહાનતાના દર્શન થાય છે, એમની સ્વભાવદૃષ્ટિના દર્શન થાય છે. અને સ્વભાવદૃષ્ટિ હતી એટલું જ નહિ પણ સ્વભાવદૃષ્ટિની અભિવ્યક્તિ એમણે શબ્દોમાં – ગ્રંથમાં ઉતારી. fantastic કામ કર્યું છે. બહુ સામર્થ્ય હતું ત્યારે એવું લખ્યું છે. એમના સામર્થ્યને જોઈને એમની મહાનતાને જોઈ છે લોકોએ.

એક સમર્થ આચાર્ય થયા, દિગંબર આચાર્યોની પરંપરામાં કુંદકુંદઆચાર્ય બહુ સમર્થ આચાર્ય થયા, એ એમની રચના ઉપરથી ખબર પડી. આજે પણ, સેંકડો હજારો વર્ષ પછી પણ જેમના વચનોને આધારભૂત –authentic ગણી શકાય. એમ! કુંદકુંદઆચાર્યનું વચન છે? (તો તો) વાત પૂરી થઈ જાય છે.. ખલાસ! એવા authentic વક્તા છે એ. ગુરુદેવ તો સમયસાર ઉપર આફરીન થઈ જતા, કુંદકુંદઆચાર્યની જે સ્વભાવ દેખાડવાની શૈલી, સ્વભાવદૃષ્ટિની અભિવ્યક્તિ જબરજસ્ત છે!!

*



*** પરમ કૃપાળુદેવ પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**

(કૃપાળુદેવ) બહુ નિર્મળ પરિણતિ લઈને વૈમાનિકદેવમાં ગયા છે. ત્યાંથી મનુષ્યક્ષેત્રમાં આવીને ચરમશરીર ધારણ કરીને નિર્વાણદશાને પ્રાપ્ત કરશે. મુનિદશા અંગીકાર કરશે, સંપૂર્ણ ચારિત્રની સિદ્ધિ થશે અને નિર્વાણદશાની પ્રાપ્તિ થશે. પોતાના નિર્મળજ્ઞાનમાં એમને એ ભાસ્યું છે. એક અંગત કાવ્યની અંદર એ વાત એમણે પ્રસિદ્ધ કરી છે. 'ધરીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ.' તેથી વર્તમાન મુમુક્ષુ સમાજ ઉપર, હજારો માણસો ઉપર એમનો ઉપકાર વર્તે છે.

...'ગુરુદેવે' તો ઘણો મહિમા કર્યો છે એમાં કાંઈ સવાલ જ નથી. એટલે ખરેખર કે અધ્યાત્મની પરાકાષ્ઠા શું? કે આત્મા આશ્રય લે એવી મોક્ષમાર્ગની વાત એમના વચનોમાં રહેલી છે. અને એ મેં સીધું પૂછેલું છે. 'ગુરુદેવ'ને તો મેં સીધું પૂછેલું છે. અને બહુ જ ઉલ્લાસથી એ વાત 'ગુરુદેવે' સંમત કરેલી છે કે ખરેખર એમ જ છે કે 'શ્રીમદ્‌જી'ના વચનામૃતમાં મોક્ષમાર્ગ અખંડપણે રહેલો છે. મેં શબ્દ તો એ વાપર્યો હતો. હું એ શબ્દ નથી ભૂલ્યો. અખંડ મોક્ષમાર્ગ એમાં રહ્યો છે કે નથી રહ્યો? (તો કહ્યું), એમ જ છે. અખંડ મોક્ષમાર્ગ એમાં રહેલો છે. બસ, વાત ખલાસ થઈ જાય છે. જ્યારે અખંડ મોક્ષમાર્ગ એમાં રહ્યો છે તો એ શાસ્ત્ર છે એ આગમ છે, એ વંદનીય છે, એ પૂજનીય છે.

*

*** અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**

ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો – વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે. કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે જાણે કોઈ દૈવીવાણી આવે છે!! એક અસાધારણ યુગપુરુષ જેવું ગુરુદેવનું વ્યક્તિત્વ હતું અને કર્તૃત્વ પણ એવું જ હતું.

કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે, જાણે કોઈ દૈવી વાણી આવે છે! અવાજ પણ એવો પહાડી હતો અને એવી ધારા હતી–વાણીની એવી ધારા હતી, અંદરમાં પરિણમનની એવી ધારા હતી, એવો કોઈ સુમેળ (હતો). આત્માનું સ્વરૂપ જેમ કોઈ સાક્ષાત્ તીર્થંકર કહેતા હોય એવી રીતે સમજાય. સાતિશય વાણી હતી.

*

*** પ્રશમમૂર્તિ ભગવતીમાતા પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**

બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. બીજાને સમજાવામાં પણ બહુ સૂક્ષ્મ. ગણધરનો જીવ છે ને! ગણધરનો જીવ છે એટલે ભવિષ્યમાં એ બાર અંગ રચવાના છે.

એમની સાથે કોઈપણ મુમુક્ષુ પ્રશ્નોત્તર કરે તોપણ એ બહુ જ ઉપયોગથી જવાબ દે છે. એમ નહિ કે ગમે તેમ જવાબ દઈ દેવા. મેં તો માર્ક કરેલું છે. એમની હયાતીમાં આ માર્ક કરેલું છે. (એટલે) જ ત્યારે વિચાર આવ્યો હતો કે આ ગણધરનો જીવ છે ને એટલે સામાજિક દૃષ્ટિકોણ પણ એમનો બહુ જ ચોખ્ખો છે કે વર્તમાન સમાજ ક્યાં ભૂલ કરે છે. ગુરુદેવના અનુયાયીઓ પણ ક્યાં ભૂલ કરે છે. એ એમને બહુ ચોખ્ખું હતું.

એટલે એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફીદા થઈ ગયા. આફરીન થઈ ગયા. ઓહોહો..! લાખ પુસ્તકો છપાવો. અમે કોઈ પુસ્તક માટે બોલ્યા નથી. આ પુસ્તક માટે કહીએ છીએ કે લાખ છપાવો.

*

*** પુરુષાર્થમૂર્તિ પૂજ્ય સોગાનીજી પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**



પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણનું આ એક પાત્ર છે. સોનગઢની તીર્થભૂમિ–એ તીર્થભૂમિમાં સમ્યગ્દર્શનરૂપી સપૂત કોઈ નહોતો જાગ્યો, નહોતો પાક્યો, ત્યાં સુધી આગળ જે–જે ધર્માત્માઓ થયા એ સોનગઢ ભૂમિમાં નથી થયા, જુદી–જુદી ભૂમિમાં થયા છે. જ્યારે ગુરુદેવની જે સાધનાભૂમિ છે. એ સાધનાભૂમિમાં સાધનાનું એક નવું યશકલગી ઉમેરાણું અને એ ભૂમિ પણ ફલવંતી થઈ અને એક ફળ પાક્યું – એ સોગાનીજી છે. પૂજ્ય સોગાનીજીનું બહુમાન એ માત્ર એક વ્યક્તિનું બહુમાન નથી, એ સમ્યગ્દર્શનનું બહુમાન છે અને જે–જે સર્વ સમ્યગ્દર્શન ધારક મહાત્માઓ છે, ધર્માત્માઓ છે તે અનંતા–ત્રણે કાળના ધર્માત્માઓનું બહુમાન, એમાં સન્માન છે.

મુમુક્ષુ :– ગુરુદેવે એકાવતારી કહ્યું પણ પોતાને ખ્યાલ આવી ગયો હોય એવો ઉલ્લેખ આમાં ક્યાંય આવે છે? કે હું એકાવતારી છું?

પૂજ્ય ભાઈશ્રી :– એમને પોતાને નથી ખ્યાલમાં આવ્યું. એ ગુરુદેવને ખ્યાલ આવ્યો છે. તેઓ તો આ જ ભવમાં પૂરું કરવાના પ્રયત્નમાં પડ્યાં છે. અમને લોકોને પરિચય વધારે હતો એટલે એવું લાગતું હતું કે જો આયુષ્ય હોત તો કદાચ ઉપરના ગુણસ્થાનમાં આવી જાત, (એટલેકે) મુનિદશામાં (આવી જાત). પુરુષાર્થ ઘણો હતો! (જો એવું થાત) તો આ કાળમાં ભાવલિંગી મુનિના દર્શન થઈ જાત!!

*

*** પરમ ભક્ત પૂજ્ય શ્રી સોભાગભાઈ પ્રત્યે હૃદયોદ્‌ગારઃ–**

પરમ કૃપાળુદેવનો ભેટો થયા પછી તેમના પ્રત્યક્ષ સમાગમમાં રહેવા માટે તેમનો આત્મા હંમેશા ચિંતિત રહ્યા કરતો હતો. અને આ છ–સાત વર્ષના અંતિમ જીવન દરમિયાન તેઓ ૫૬૦ દિવસ જુદાં–જુદાં સ્થળે પ્રત્યક્ષ સમાગમમાં રહ્યા હતા. એમ કહી શકાય કે કૃપાળુદેવનો પ્રત્યક્ષ સમાગમ તે તેમના જીવનની એક પરિણતિ થઈ ગઈ હતી. અને કોઈપણ દિવસ એવો ખાલી નહિ ગયો હોય કે તેમને કૃપાળુદેવનું સ્મરણ ન થયું હોય. કૃપાળુદેવમાં જ તેમનો જીવ વળગેલો રહેતો હતો અને એ જ તેમની પરિણતિની ભજના હતી. અંતિમ અવસ્થામાં તેમણે જે ભાવો વ્યક્ત કરેલા તે તેમની પાત્રતાની ચરમસીમાને દર્શાવનારા છે. કૃપાળુદેવને તેમણે લખી જણાવેલું કે 'હવે રોગના કારણથી દેહ છૂટશે નહિ પરંતુ આપના વિયોગની વેદનાથી દેહ છૂટી જશે.' તે અગાઉ તેમણે અનેક પત્રોમાં અનેક પ્રકારે સાયલે પધારવા માટે વિનંતી કરેલી પરંતુ એમ લાગે છે કે વિયોગની વેદના તીવ્ર થવા અર્થે જ તેઓ સાયલે આવવામાં મોડું કરે જતાં હતાં. જ્યારે પૂજ્યશ્રી સૌભાગ્યભાઈના છેલ્લી હદના પાત્રતાના પરિણામો જોયા કે તુરત જ તેઓ પ્રત્યક્ષ દર્શન માટે પહોંચ્યા અને ત્યાંથી 'બીજજ્ઞાન' દેવાના ખાસ પ્રયોજન અર્થે તેમને ઈડર લઈ ગયા. જેના ફળસ્વરૂપે ઈડરથી આવ્યા પછી તેમને નિર્વિકલ્પ પરમાર્થ ભવછેદક સમ્યક્‌દર્શનની–આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ થઈ હતી.

*

આભાર

'**સ્વાનુભૂતિપ્રકાશ**' (નવેમ્બર–૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણરાશિ
શ્રીમતી હંસાબહેન અજિતભાઈ શાહ, ભાવનગર
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

‘તું પરમાત્મા છો’ – એમ નક્કી કર !

તત્ત્વચર્ચા મંગલવાણી–સીડી–૧૫– B

– પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

પ્રશ્ન :– તું પરમાત્મા છો એમ કહે અને તું સ્વભાવથી પરિપૂર્ણ છો એમ કહે. એ બેમાં પ્રયોજન જુદું કાંઈ બતાવવું છે?

ઉત્તર :– બેય એક જ છે. સ્વભાવથી પરિપૂર્ણ છો અને પરમાત્મા છો એ પરમાત્મા, ભગવાન તું પોતે ભગવાન છે એમ કહે છે. અને તું પરિપૂર્ણ છો. એ સ્વભાવ અપેક્ષાએ તું પરિપૂર્ણ છો. ભગવાન જેવો છો. બેય કહેવામાં આશય એક જ છે. દ્રવ્ય અપેક્ષાએ તું પરિપૂર્ણ છો. અને ભગવાનને તું બહાર જોયા કરે છે તું પોતે ભગવાન છો. એમ તું ભગવાનને ઓળખ. ભગવાનની ભક્તિ કરતા ભગવાન કેવા છે? ભગવાન દ્રવ્ય–ગુણ–પર્યાયે ભગવાનનું શું સ્વરૂપ છે? એમ વિચાર કરતા તું તારું સ્વરૂપ ઓળખ તું ભગવાન જેવો છો. એમાં કહેવાનો આશય એક જ છે. આ સ્વભાવ તરફથી કહે છે આ પરમાત્મા તરફથી કહે છે. બાકી કહેવાનો આશય એક જ છે.

પ્રશ્ન :– પરમાત્મા પ્રગટપણું અને સ્વભાવમાં શક્તિપણું બતાવવું છે એ કઈ રીતે? નિરૂપણ બધા એવા છે. પરમાત્માપણું જે છે કે તું પરમાત્મા છો. એટલે કે વ્યક્તિમાં તું તારી પરિપૂર્ણ શક્તિ ખીલવી શકે છે એવી તારામાં તાકાત છે એવું બતાવવું છે?

ઉત્તર :– એમ નહિ. તું શક્તિથી પરમાત્મા છો એમ. અને તું પરમાત્મા થઈ શકીશ એમ કહેવું છે. વર્તમાન વ્યક્તિ છે એમ નથી. તું વર્તમાન શક્તિરૂપે તારો સ્વભાવ શક્તિમાં પરમાત્મા છે અને તું એવો થઈ શકવાનો તારામાં સામર્થ્ય છે. અનંત શક્તિથી ભરપૂર તારી શક્તિ છે. એને તું ઓળખ અને એને તું પ્રગટ કર એમ કહેવું છે.

પ્રશ્ન :– માતાજી! એક બીજો પ્રશ્ન છે કે આ જગતમાં વસ્તુ છે એ પોતાના સ્વભાવમાત્ર જ છે. આત્મા જ્ઞાનનો કર્તા અને વિભાવદશામાં અજ્ઞાન રાગ–દ્વેષનો કર્તા છે. પરદ્રવ્યનો કર્તા આત્મા નથી એમ અમને શ્રદ્ધામાં છે છતાં પરદ્રવ્યની પ્રવૃત્તિમાં આવતા તન્મયપણું ભાસે છે તો તે કર્તાપણું કઈ રીતે ટળે અને જ્ઞાતાપણું કઈ રીતે પ્રગટે એ કૃપા કરીને સમજાવો.

ઉત્તર :– આત્મા સ્વભાવનો. સ્વભાવથી પોતે પોતાનો કર્તા છે. અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા, પરદ્રવ્યનો કર્તા અજ્ઞાન અવસ્થાએ છે. પણ એ અજ્ઞાનતાને.. એણે નક્કી કર્યું પણ બરાબર નક્કી કર્યું નથી. યથાર્થ નક્કી કરે તો તો એની તન્મયતા છૂટી જાય. અને માત્ર નક્કી કર્યું છે ઉપરથી. અંતરથી નક્કી કરે તો તેની કર્તાબુદ્ધિ છૂટ્યા વગર રહેતી નથી. ઉપર ઉપરથી નક્કી કર્યું. વાસ્તવિક

નક્કી કરે તો પરદ્રવ્યની પ્રવૃત્તિમાં તન્મય થાય જ નહિ. એનો ઉપાય એક પોતે જ્ઞાતાપણું પ્રગટ કરે તો કર્તાપણું છૂટે. જ્ઞાતાપણું પ્રગટ થયું નથી એટલે કર્તાપણું છૂટતું નથી. અને જ્ઞાયકતા પ્રગટ કરવી જોઈએ કે હું તો જ્ઞાયક છું. હું તો જ્ઞાતા. કોઈ પદાર્થને કરી શકું, કોઈ પરદ્રવ્યને કાંઈપણ ફેરવું શકું એવું સામર્થ્ય નથી. હું મારા પોતાના સ્વભાવનો કર્તા છું. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈને કરી શકતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. હું મારા સ્વભાવથી પરિપૂર્ણ છું. કોઈને કોઈ કરી શકતું નથી. હું તો જ્ઞાતા છું. એ બાહ્ય પ્રવૃત્તિની અંદર જો એ જ્ઞાતાપણું પ્રગટ કરે તો કર્તાપણું છૂટે. જ્ઞાયકતા પ્રગટ થઈ નથી તો કર્તાપણું છૂટતું નથી. જ્ઞાતા થાય. 'જે કરે સો કરતારા જાને સો જાનન હારા.' જાનનહારો થાય તો કર્તાપણું છૂટે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાતાધારા પ્રગટ થઈ છે. જ્ઞાયકતા પ્રગટ થઈ છે. માટે એની કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. દરેક કાર્યોમાં જોડાય, ગૃહસ્થાશ્રમમાં હોય. અનેક જાતના કાર્યોમાં દેખાય તો કર્તા છતાં અકર્તા છે. કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. અસ્થિરતાનું કર્તૃત્વ ઊભું છે. પણ એની કર્તાબુદ્ધિ છૂટી. જ્ઞાયકની ધારા ક્ષણે ક્ષણે ચાલુ જ છે. મુક્તિનો માર્ગ એક જ છે. જ્ઞાતાધારા જ્ઞાયકતા થાય તો કર્તાપણું છૂટે. જ્ઞાતા જે થાય એનું કર્તાપણું છૂટીને જ્ઞાયકતા થાય એટલે મુક્તિને પંથે જાય છે. જ્ઞાયકની શ્રદ્ધા, જ્ઞાયકતાનું જ્ઞાન અને જ્ઞાયકતાની લીનતા અને જ્ઞાતાની ધારા. હું જ્ઞાતા જ છું. જ્ઞાતારૂપે પરિણમે થાય તો કર્તાબુદ્ધિ છૂટયા વગર રહેતી નથી. એનો ઉપાય એક જ છે. કર્મચેતના. જ્ઞાન ચેતના પ્રગટ કરે તો કર્તાપણું છૂટી જાય. જ્ઞાન અને ચેતના. જ્ઞાયક ચેતના પ્રગટ કરવી જોઈએ. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તો ક્યાંય એને કર્તાબુદ્ધિ થતી નથી. જ્ઞાયકતા, દરેક ઠેકાણે ઉદાસીન જ્ઞાતા રહે છે. ગમે તેવી ચક્રવર્તીની પ્રવૃત્તિમાં પડેલો પણ એની જ્ઞાયકતા ચાલુ જ હોય છે. પહેલેથી જ્ઞાયકતા શરૂ થઈ છેક સુધી જ્ઞાયકતા જ રહે છે. મુક્તિના માર્ગમાં એ જ્ઞાયકતા. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાનથી માંડીને પાંચમે ગુણસ્થાને પણ જ્ઞાયકતા, છઠ્ઠે–સાતમે ગુણસ્થાને જ્ઞાયકતા. જ્ઞાયકતાની ઉગ્રતા થતી જાય છે. એ જ્ઞાયકતા એ એક જ મુક્તિનો માર્ગ છે. જ્ઞાયકતામાંથી જ્ઞાનના ભાવો જ્ઞાયકતારૂપે જ્ઞાયકની પર્યાય પ્રગટ થાય. શુદ્ધિની પર્યાય પ્રગટ થાય, લીનતાની પર્યાય પ્રગટ થાય. અને એકત્વબુદ્ધિમાં બધી ઊંધી પર્યાયો પ્રગટ થાય છે. એનો ઉપાય એક જ છે જ્ઞાયકતા પ્રગટ કરે તો તન્મયતા છૂટે. બીજો કોઈ એનો ઉપાય નથી. (તત્ત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે...)

(પાના નં ૧૬થી ચાલુ...)

'જિન (નિજ) સુમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનેન,
જિન ધ્યાયંતે પરમ પદ, લહિએ એક ક્ષણેણ.'
(જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનથી–સમ્યગ્જ્ઞાનથી,
જિન ધ્યાન કરતાં પરમપદ, લહીએ ક્ષણ એકે.)

વાત્સલ્યાનુરાગી
નિહાલચંદ્ર



પૂજ્ય ભાઈશ્રી પર પૂજ્ય સોગાનીજીનો પત્ર

–'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' – પત્રાંક–૪૪

કલકત્તા
૧૦–૯–૧૯૬૩

ૐ

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકયા
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ

આત્માર્થી....

આપનો તા. ૩–૯ નો પત્ર મળ્યો. અગાઉનો પત્ર પણ સમયસર મળ્યો હતો.

આપે દશલક્ષણી પર્વ ત્રણ લોકમાં પરમ ઉત્તમ, નિર્ભય બનાવનાર, પરમ નિર્ભિક સિંહ–સ્વરૂપ એવા 'શ્રી ગુરુદેવ'ના સાન્નિધ્યમાં મનાવ્યું હશે. તેઓ કહે છે કે, 'સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.' નિત્ય સ્વભાવમાં દૃષ્ટિ થંભી જવાથી ઉત્પન્ન થયેલા સહજ સ્વભાવમાં ક્ષમા આદિના દૂષિત ભાવો પ્રત્યક્ષ પરાશ્રિત–પરના (જડના) છે, તેથી સહજ ક્ષમાભાવ ત્રિકાલ જયવંત વર્તો. આપણે કદી દોષ કર્યો જ નથી એવો સ્વભાવ નિરંતર વૃદ્ધિ પામો. વિભાવના ગુંજારવમાં ગુંજતો રહેતો અજ્ઞાન ભાવ સહજ નાશ પામો. વિભાવમાં બંધાઈ જશો નહીં. સ્વભાવની સીમામાં નિરંતર અડગ સ્થિર રહો. ક્ષણિક વિભાવ વેદાઈ જતાં તે અધિકની સીમાને પાર કરી શકતો નથી. (એક સમયમાં વેદાઈ જાય છે.) એથી તે ત્યાં જ લય પામી જાય છે.

કર્તા–કર્મ–ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાન માંહિ જાણી લેજો,
તેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.

જ્ઞાનકણિકા પત્ર દ્વારા મંગાવી પણ તે તો તમારી પાસે જ છે. સ્વ–અવલંબનથી સહજ જ વિભાવથી અલગ થઈને, તે (જ્ઞાનકણિકા) પ્રગટતી રહે છે. હે શશીભાઈ! અનેકાનેક જીવોની યોગ્યતા અક્ષય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથીયે અધિક એવા સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે. જેમની નિત્ય પ્રેરણા ત્યાંથી (સોનગઢના સત્પુરુષથી) વિમુખ કરાવીને પોતાના નિત્ય ભંડારની તરફ લક્ષ્ય કરાવતી રહે છે. અહીંથી જ પૂજ્ય 'ગુરુદેવ'ના ન્યાયો અનુભવ સિદ્ધ બનીને દૃઢતા પ્રાપ્ત કરાવે છે.

(અનુસંધાન પાના નં ૧૫ પર...)



– પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી

રાજહૃદય !!

પત્રાંક–૪૫૪

મુંબઈ, પ્રથમ અસાડ વદ ૪, સોમ, ૧૯૪૯

ૐ

સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી; અથવા જ્ઞાનીપુરુષનાં દર્શન પણ તેણે કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે.

જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાનીપુરુષનાં વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે તે પુરુષને વિષે તે પ્રકારે સંસાર સંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય તો જ્ઞાનીપુરુષને જોયા નથી, એમ તમે જાણો.

જ્ઞાનીપુરુષનાં વચનને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યા વિના રહે નહીં.

ખરેખર પૃથ્વીનો વિકાર ધનાદિ સંપત્તિ ભાસ્યા વિના રહે નહીં.

જ્ઞાનીપુરુષ સિવાય તેનો આત્મા બીજે ક્યાંય ક્ષણભર સ્થાયી થવાને વિષે ઈચ્છે નહીં.

એ આદિ વચનો તે પૂર્વે જ્ઞાનીપુરુષો માર્ગાનુસારી પુરુષને બોધતા હતા.

જે જાણીને, સાંભળીને તે સરળ જીવો આત્માને વિષે અવધારતા હતા.

પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ તે વચનોને અપ્રધાન ન કરવા યોગ્ય જાણતા હતા, વર્તતા હતા.

તમ સર્વ મુમુક્ષુભાઈઓને અમારા ભક્તિભાવે નમસ્કાર પહોંચે. અમારો આવો ઉપાધિજોગ જોઈ જીવમાં ક્લેશ પામ્યા વિના જેટલો બને તેટલો આત્માસંબંધી અભ્યાસ વધારવાનો વિચાર કરજો.

સર્વથી સ્મરણજોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત ક્લેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જેમ બને તેમ નિવૃત્તિકાળ, નિવૃત્તિક્ષેત્ર, નિવૃત્તિદ્રવ્ય, અને નિવૃત્તિભાવને ભજજો. તીર્થંકર ગૌતમ જેવા જ્ઞાનીપુરુષને પણ સંબોધતા હતા કે સમયમાત્ર પણ પ્રમાદ યોગ્ય નથી.

પ્રણામ.

*

૧૨૯ માં કહે છે, *'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.'* જે વસ્તુનું સ્વરૂપ કેવળજ્ઞાન અને એની પરંપરા અનુસાર સત્શાસ્ત્રોથી પ્રસિદ્ધ છે, એમાં પણ જે પ્રત્યેક પદાર્થની ભિન્નતા છે એ મુખ્ય વાત છે. *'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ..'* એટલે એમના કહેવાને અવગણીને તું પ્રવર્તીશ *'તો ડૂબી જઈશ.'* સંસારમાં રખડી, મરી જન્મ–મરણના સમુદ્રમાં ડૂબકા ખાતો રહીશ. બીજું કોઈ એનું ફળ આવશે નહીં. *'આજ્ઞાથી બહાર પગ મૂકીશ...'* (એ) થોડી મૃદુ ભાષા વાપરી છે પણ ખરેખર તો આજ્ઞા ઉપર પગ જ મૂકે છે એ. જે આજ્ઞા શિરોધાર્ય કરવી જોઈએ – મસ્તકે ચડાવવી જોઈએ એ આજ્ઞાને પગથી કચરે છે. એટલો અનાદર છે એ વિષયમાં. સ્પષ્ટપણે વાત છે કે, જે પદાર્થો તારી જાતિથી જુદાં છે અને જે સેવવા યોગ્ય કે આરાધવા યોગ્ય નથી અથવા એને રુચિથી સેવતા અવશ્ય સંસારમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ મળે છતાં પણ એ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તો બીજું કાંઈ નહીં ડૂબી જ જઈશ, બીજું કાંઈ છે નહીં. આપણે નથી કહેતા કે ઝેર ખાઈશ તો મરી જઈશ. (એમ) આ ઝેર ખાવાની વાત છે. ડૂબવાથી પણ મૃત્યુ છે, ઝેર ખાવાથી પણ મૃત્યુ જ છે.

ભગવાનની આજ્ઞાનું મહત્ત્વ!!
–પૂજ્ય ભાઈશ્રી

ભગવાનની મુખ્ય આજ્ઞા એ છે, અહીંથી અનર્પિત એ કાઢવું જોઈએ કે, તું સર્વથી સર્વ પ્રકારે સર્વદા સર્વથા જુદો જ છો. જુદો છો એને તું ક્યાંય ભેગો કરીને સંબંધ રાખે છો. આ ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકવાની વાત છે. કોઈપણ જગ્યાએ સંબંધ બાંધ્યો કે આજ્ઞાનો લોપ કર્યો. હું એક આત્મા છું. જ્ઞાનસ્વભાવી, ચૈતન્યસ્વરૂપી, ચૈતન્યદ્રવ્ય, જગતનું એક સ્વતંત્ર દ્રવ્ય છું અને કોઈની સાથે ખરેખર મારે કાંઈ પણ સંબંધ નથી. પૂર્વકર્મના બાહ્ય સંબંધો હોય તોપણ એ જ સ્થિતિમાં પણ તું ભાવે, અભિપ્રાયે અને ભાવે અંદરથી જુદો પડી જા, એમ કહેવું છે. તો એ બહારના સંબંધના ખોખા એનો કાળ પૂરો થયે એ ખોખા નકામા, અમસ્તાય નકામા છે પણ તું અંદરથી તો જુદો પડ. સમજણથી ને અભિપ્રાયથી તો જુદો પડ. તો તને ક્યાંય રસ નહીં આવે. નહીંતર તારી અનંત શક્તિનો રસ એમાં રેડી દઈશ તું. એટલો રેડીશ, એટલો રેડીશ કે એમાં ભવભ્રમણ ઊભું રહેશે.

આમ જીવ જો નાનો ગુનો કરે, કોઈ પાંચ રૂપિયાની ચોરી કરે કે પાંચ રૂપિયા વેપારમાં અપ્રમાણિકપણે છેતરીને નકલી–અસલી કરીને ભાવ વધારે લઈ લ્યે તો લોકોને એમ થાય, અરે..! આવું કામ કરે છે! આવું કામ કરે છે! પણ ભગવાનની આજ્ઞા ઉપર પગ દેવાનું પોતે કામ કરે છે એનો હીચકીચાટ નહીં. ઓલો મોટો ગુનો દેખાય છે, આ ગુનો દેખાતો નથી. જગતમાં જેને ગુનો કહેવાય છે એ બધા તો ગુના કરવા જેવા નથી. કરવા જેવા છે એ અહીંયાં પ્રશ્ન નથી પણ એની મહત્તા આવે અને મોટો ગુનો પોતે કરે એ કાંઈ એને લાગે જ નહીં અને એની કાંઈ એને ગણના જ ન થાય એ બહુ મોટી મુશ્કેલીવાળી વાત છે.

*

(શ્રી 'અધ્યાત્મ સુધા'ભાગ – ૪, પ્રવચન નં – ૧૦૦, વચનામૃત–૧૨૯, તા. ૩૦–૦૫–૧૯૮૭)

અહો ગુરુનું વાત્સલ્ય !!

ગુણ પ્રત્યેના પ્રેમને લીધે, ગુણાનુવાદ થવો તે ભક્તિનું સ્વરૂપ છે. અનંત નિજાત્મ ગુણોના ખીલવટનું આ બીજ છે. ''વહ કેવલ કો બીજ જ્ઞાની કહે''-(ગુરુ રૂપ) પ્રભુના ગુણોની ભક્તિના ગર્ભમાં એક અંશ નિર્મળતાથી લઈ પૂર્ણ નિર્મળતા પ્રગટવાનું બીજભૂત કારણ પડેલું છે. (ગુરુ) / પ્રભુ તો પરમ નિર્મળ પ્રેમની પ્રતિમા છે. તેમના નયનો / દૃષ્ટિ પરમ પ્રેમ વરસાવે છે, રેલમ છેલ કરી જીવને પ્રેમરસમાં તરબોળ કરી મુકે છે. અહો તેમનું વાત્સલ્ય !

(- શ્રી 'અનુભવ સંજીવની', બોલ-૧૩૩૩)

REGISTERED NO. : BVHO - 261 / 2024-2026
RENEWED UPTO : 31/12/2026
R.N.I. NO. : 69847/98
Title Code : GUJGUJ07425
Published : 10th of Every month at BHAV.
Posted at 10th of Every month at BHAV. RMS
Total Page : 20

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'

... દર્શનીય સ્થળ ...

શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1210**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...
Shri Shashiprabhu Sadhana Smruti Mandir
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mailing postage 9374825041